ક્રમાંક: રાપબો/ઉચ્ચકલા પરીક્ષા/પરીણામ/૨૦૧૮/૩૩૦૧-૦૯

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા.
સરકારી પુસ્તકાલય સામે,
સેક્ટર-૨૧, ગાંધીનગર
ઇ-મેલ: gseb21@gmail.com
તારીખ: ૨૯/૦૬/૨૦૧૮

જાહેરનામુ:-

વંચાણે લીધા: (૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક: SEB/Fine Arts/2017-18/1138-57

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા. ગાંધીનગર દ્વારા આમુખમાં જણાવેલ જાહેરનામાં અન્વયે એપ્લાઇડ આર્ટ્સ પાંચમું વર્ષ, ડ્રોઇંગ & પેઇન્ટીંગ પાંચમું વર્ષ અને શિલ્પ પાંચમું વર્ષ પરીક્ષા વર્ષ-૨૦૧૮ વિવિધ કેન્દ્રો પરથી લેવામાં આવી હતી. એપ્લાઇડ આર્ટ પાંચમું વર્ષ, ડ્રોઇંગ & પેઇન્ટીંગ પાંચમું વર્ષ અને શિલ્પ પાંચમું વર્ષ પરીક્ષાનું પરીણામ આજ તા.૨૯/૦૬/૨૦૧૮ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. ઉક્ત તમામ પરીક્ષાના પરીણામ રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઇટ www.sebexam.org પર પણ જોવા મળશે. સંબંધિત સંસ્થાના ઉપસ્થિત થયેલ ઉમેદવારોના માર્કશીટ/પ્રમાણપત્ર/માઇગ્રેશન સંસ્થાના આચાર્યશ્રીને મોકલી આપવામાં આવશે. જે સંસ્થાના આચાર્યશ્રીએ સંસ્થાના રેકર્ડ સાથે ચોક્કસાઇ પૂર્વક ચકાસણી કરી, સંબંધિત તાલીમાર્થીઓને સત્વરે સુપ્રત કરવાનાં રહેશે.

ઉચ્ચકલા પરીક્ષા-૨૦૧૮ ની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | પરીક્ષાનું નામ | કુલ ઉમેદવાર | ઉપસ્થિત ઉમેદવારો | પાસ | નાપાસ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| ૧ | એપ્લાઇડ આર્ટ પાંચમુ વર્ષ | 82 | 82 | 82 | 0 | 100% |
| ૨ | ડ્રોઇંગ & પેઇન્ટિંગ પાંચમું વર્ષ | 32 | 32 | 31 | 1 | 96.88% |
| ૩ | શિલ્પ પાંચમું વર્ષ | 1 | 1 | 1 | 0 | 100% |

જે ઉમેદવાર ઉત્તરવહીના ગુણ ચકાસણી કરાવવા ઇચ્છતા હોય તેમણે તે અંગેની અરજી પરીણામ જાહેર કર્યા તારીખથી દિન-૭ માં તા:૦૬/૦૭/૨૦૧૮ સુધીમાં રીચેકિંગ નું ફોર્મ તથા ફીની રકમના ડી.ડી. સાથે પોતાની સંસ્થા મારફતે કરવાની રહેશે. ગુણ ચકાસણી ફી વિષય દીઠ રૂ.૫૦/- (અંકે રૂપિયા પચાસ) ભરવાની રહેશે. આ અરજીઓ તથા ગુણ ચકાસણી ફી સંસ્થાએ એકત્ર કરી રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને તા.૦૯/૦૭/૨૦૧૮ સુધીમાં ફોર્મ/ડી.ડી. મોકલી આપવાના રહેશે. તાલીમાર્થીની સીધી અરજી અત્રેની કચેરીએ સ્વીકારવામાં આવશે નહીં. ગુણની ચકાસણી ફી ની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ 'સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર' ના નામનો કાઢવાનો રહેશે.

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

પ્રતિ
આચાર્યશ્રી, ઉચ્ચકલા કોલેજ (સંબંધિત)

નકલ સવિનય રવાના જાણ સારૂ:

-માન. શિક્ષણમંત્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર
-માન. રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
-અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
-કમિશ્નરશ્રી, મ.ભો.યો. અને શાળાઓની કચેરી, ગાંધીનગર